હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

બહેન, થોડી વાર રહો... હું શું ભાવે વસ્તુ વેંચતો હતો તે લોકડાઉનના લાંબો સમય બાદ... ભૂલી ગયો છું...

શહેરમાં અસહ્ય બફારા વચ્ચે ગરમીનો પારો ફરી ૪૦ ડીગ્રીએ પહોંચ્યો

સતત બદલાતા મોસમના મિજાજ વચ્ચે આકરી ગરમી અનુભવતા શહેરીજનો

શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ આકરા તાપથી રાહત અનુભવી હતી જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધવાની સાથે અસહ્ય ઉકળાટ નગરજનો માટે પરેશાનીનુ કારણ બન્યો છે. આજે આકાશ ચોખ્ખુ રહેવાની સાથે ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ગરમીનુ પ્રમાણ વધતા શહેરીજનોએ દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો.

શહેરમાં વાદળિયા વાતાવરણના અંતે આજે ગરમીનુ પ્રમાણ વધી ગયુ હતુ. છેલ્લા બે ચાર દિવસથી ધુપ છાંવના માહોલ વચ્ચે નગરજનોએ આકરા તાપથી રાહત અનુભવી હતી. પરંતુ ભેજનુ પ્રમાણ વધવાની સાથે વાતાવરણમાં અસહ્ય ઉકળાટ નગરજનો માટે અકળામણનુ કારણ બન્યો છે. આજે પણ દિવસ દરમિયાન અસહ્ય બફારો અનુભવતા નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ ૪૦ ડીગ્રી રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો અડધો ડીગ્રી ઉંચકાયો હતો. જયારે છેલ્લા ચાર પાંચ દિવસથી મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી ની નીચે રહેતા દિવસનો તાપ પણ કુણો પડયો હતો. પરંતુ આજે ગરમીનો પારો ફરી એકવાર ૪૦ ડીગ્રી એ પહોંચી ગયો હતો. છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટના લીધે નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. જયારે સતત બદલાતા વાતાવરણ વચ્ચે આકાશમાં અવારનવાર વરસાદી વાદળો ઘેરાવો નાંખે છે પરંતુ પ્રિ મોન્સુન એક્ટિવીટીના અંતે વરસાદ હજુ વરસતો નથી. વરસાદી વાતાવરણ વચ્ચે શહેરમાં આકરી ગરમી યથાવત છે. આકરા બફારાથી પરસેવે ભીંજાતા નગરજનો હવે વરસાદની વાટે છે. ત્યારે ગરમીએ ફરી એકવાર ઉગ્ર મિજાજ દાખવતા શહેરીજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. બદલાતા મોસમના લીધે જનજીવન પ્રભાવિત છે. જયારે વાતાવરણની અસર જન આરોગ્યને વિપરિત અસર કરતી હોવાની ફરિયાદો પણ નગરજનો કરી રહ્યા છે. આકરી ગરમી બાદ અસહ્ય ઉકળાટ અને વચ્ચે આકાશમાં ડોકિયા કરતા વાદળોના લીધે વાતાવરણમાં વરસાદની ગરેહાજરી વચ્ચે આકરા ઉકળાટનુ પ્રમાણ વધ્યુ છે. લઘુત્તમ તાપમાન પણ આજે ૨૯ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૧ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો.

ખૂણેખાંચરેથી

- ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખાના પૂર્વ ખજાનચી વિરેન્દ્રભાઈ શાહનું કેન્સરની બિમારીને કારણે નિધન થયેલ છે.
- સાતમા વિશ્વ યોગ દિવસ ૨૦૨૧ની ઉજવણીના સંદર્ભમાં તા. ૧૪-૬-૨૧ થી ૨૦-૬-૨૧ સુધી સવારે ૭.૩૦ થી ૮.૩૦ દરમ્યાન ''યોગ હોલ - સરકારી આયુર્વેદિક વેલનેસ હોસ્પિટલ સે. ૨૨ ખાતે નિઃશુલ્ક યોગ શિબિર યોજાશે.
- સે. ૧૭ માં બની રહેલા સર્વિસ રોડના કામકાજ દરમ્યાન પાણીની તેમજ સી.સી.ટીવી કેમેરાની લાઈનો તુટી જવા પામી છે.
- શિવરંજનીના પૂર્વ ઉપપ્રમુખ સ્વ. મહેન્દ્રભાઈ ભાવસારને સ્મરાંજલિરૂપે આજે સંસ્થા દ્વારા સ્થાનિક કલાકારોએ ભજન સંધ્યા યોજી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે રજાનો દિવસ હોવાથી લોકોએ ઘરમાં રહેવાનું વધુ પસંદ કર્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે ૪૮૦૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૧૮૧ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર તાલુકા ભાજપ દ્વારા જિલ્લાના નવનિયુક્ત પ્રમુખ અનિલ પટેલના અભિવાદનનો કાર્યક્રમ લવારપુર ખાતે યોજવામાં આવ્યો હતો.

ગુજરાત પ્રાંતના પૂર્વ સંઘચાલક અમૃતભાઈ કડીવાલાનું અવસાન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત પ્રાંતના પૂર્વ સંઘ ચાલક અમૃતભાઈ કડીવાલાનું

આજે દુઃખદ અવસાન થયું છે.

૫ ડિસે. ૧૯૩૮માં જન્મેલા સ્વ. અમૃતભાઈએ એન્જીનીયરીંગમાં પીએચ.ડી. પણ પ્રાપ્ત કર્યુ હતુ. ૧૯૪૬ માં તેમણે સંઘ શિક્ષા વર્ષનું પ્રશિક્ષણ લીધુ હતુ.

અમૃતભાઈ વર્તમાન સર સંઘચાલક મોહન ભાગવતના પિતા મધુકર ભાગવત્ જ્યારે ગુજરાતમાં પ્રચારક તરીકે સક્રિય હતા ત્યારે સ્વયંસેવક તરીકે જોડાયા હતા. તેમણે અમદાવાદ મહાનગરના કાર્યવાહક, ગુજરાત પ્રાંતના કાર્યવાહક તરીકેની જવાબદારી પણ નિભાવી હતી. આ પછી તેમને પ્રાંત સંઘસંચાલક તરીકે પણ લાંબા સમય સુધી સેવાઓ આપી હતી.

સ્વ. કડીવાલાના અવસાન અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પણ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

શહેરના સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો પ્રશ્ન વસાહતીઓને સતાવી રહ્યો છે. સેકટર-૫માં થોડા સમય પહેલા પાણી ડહોળું અને ધીમા ફોર્સથી આવતું હોવાની ફરિયાદ ઉઠી હતી. જેને પગલે તંત્રએ તાત્કાલીક ધોરણે વસાહતીઓની આ ફરિયાદ દુર કરી હતી ત્યારે આજે સેકટર-૫માં પાણી ધીમું આવતા મહિલાઓમાં રોષ જોવા મળ્યો હતો. પાણી ધીમું આવતા દૈનિક કામગીરી અટવાઈ ગઈ હતી. પાણીની સમસ્યાનો કાયમી ધોરણે તંત્ર ઉકેલ લાવે તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

કોવિડ વેક્સિન ઝુંબેશને અસરકારક બનાવવા માટે અવ્યવસ્થા દુર કરવી અનિવાર્ય

ગાંધીનગર તા ૧૨

કોરોનાના સંક્રમણને અટકાવવા વેક્સિન અનિવાર્ય છે. જયારે પાટનગરમાં વેક્સિનન કાર્યમકમ અન્વયે સિનિયર સિટીઝન્સ સહીત અન્ય નાગરિકોને પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. વેક્સિનનો પ્રથમ ડોઝ જયાં લીધો હોય ત્યાં બીજો ડોઝ મળતો નથી. જયારે પ્રમાણપત્ર પણ ઓનલાઈન મળે છે.ત્યારે આ મામલે સ્થળ પર પ્રમાણ પત્ર પણ મળી રહે તેવી વ્યવસ્થા કરવા પણ શહેર વસાહત મહામંડળે રજુઆત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ વેક્સિનનો પ્રથમ ડોઝ જયાંથી લીધો હોય ત્યાં જ મળવો જોઈએ. પ્રથમ ડોઝ એક જગ્યાએ અને બીજો ડોઝ બીજે ઠેકાણે લેવા માટેનુ ચલકચલાણુ બંધ કરવુ જોઈએ. હાલમાં બીજો ડોઝ સે-૮ માં લેવા જવુ પડે છે. જેમાં સિનિયર સિટીઝન્સને પારાવાર હાલાકી વેઠવી પડે છે. ઓનલાઈન સુચના મળ્યા બાદ ૧૦ વ્યકિત એકત્રિત થાય નહી ત્યાં સુધી વેક્સિસન આપવામાં આવતી નથી જેના લીધે સમય બગડે છે. નાગરિકોને હાડમારી વેઠવી પડે છે. તે મામલે પણ યોગ્ય આયોજન અનિવાર્ય છે. બન્ને ડોઝ લીધા બાદ ઓનલાઈન પ્રમાણિત કરવામાં આવે છે. પરંતુ આ મામલે જેમની પાસે સુવિધા ન હોય તો તેવા કિસ્સાને ધ્યાને લઈને પણ વિચારણા કરવી જોઈએ. સ્થળ પરથી પ્રમાણ પત્ર મળે તેવી વ્યવસ્થા પણ કરવી જોઈએ. વેક્સિન આપનાર અને સ્થળ પર સ્ટાફનો સહકાર મળે છે પરંતુ વહીવટી આદેશો ગુંચણભર્યા છે. જેના લીધે નાગરિકો સાથે ઘર્ષણ થાય છે. તે પણ નિવારવુ જોઈએ. ગાંધીનગરમાં વેક્સિનના મામલે એક એજન્સીને કામ સોંપવાની પણ અનિવાર્યતા છે.

સાયન્સ સીટી દ્વારા વિદ્યાર્થીઓ માટે સમર સાયન્સ ઈ-વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

વિદ્યાર્થીઓમાં સાયન્સ પ્રત્યે રુચિ વધે તે હેતુથી સાયન્સ સીટી દ્વારા તા. ૮ થી ૧૨ જૂન દરમિયાન ૧૪ થી ૧૬ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઈ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફિઝીકસ, બાયોલોજી, કેમેસ્ટ્રી અને મેથ્સ વિષય પર ઈ વર્કશોપ યોજાયા હતા.

ફિઝીકસના વર્કશોપમાં શ્રીજી એજયુકેશનના પ્રિતી અમીત શેઠીયા એ લાઈટ મીરર અને લેન્સીસ વિષે રસપ્રદ માહિતી આપી હતી. જેમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

કેમેસ્ટ્રી પર યોજાયેલ ઈ વર્કશોપમાં ગાંધીનગરની પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટીટયુટના ઋત્વીક મજેઠીયાએ પ્રયોગો બતાવ્યા હતા. જયારે બાયોલોજી વર્લ્ડ થ્રુ ટેકનોલોજી પરના ઈ વર્કશોપમાં ગુજરાત યુનિવર્સિટીના વિઝીટીંગ ફેકલ્ટી ડૉ. પુજન એન. પંડયાએ બાયોલોજીનો મુળભુત કન્સેપ્ટ સમજાવ્યો હતો.

મેજીક મેથ્સ પરના ઈ વર્કશોપમાં નિરમા યુનિવર્સિટી ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટના ડૉ. મુમુક્ષુ ત્રિવેદીએ ટેકનોલોજી, મેડીસીન, ફાયનાન્સ જેવા ક્ષેત્રોમાં જટીલ પ્રશ્નોનું સમાધાન ગણિત દ્વારા કેવી રીતે લાવી શકાય તે સમજાવ્યું હતું. વિવિદ વિષય પર યોજાયેલા આ ઈ વર્કશોપમાં આશરે ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

રાત્રીના સમયે બમ્પ કુદી જતા એકટીવા પરથી બે મિત્રો પટકાયા : એકનુ મૃત્યુ

ગિયોડ અંબાજી મંદિર સામેના માર્ગ પરનો બનાવ, એક યુવાન સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧૨

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર ગિયોડ અંબાજી મંદિર સામે માર્ગ પર ગતરોજ રાત્રીના સમયે એકટીવા પર સવાર બે મિત્રો બમ્પ કુદી જવાથી નીચે પટકાયા હતા.આ બનાવમાં એક યુવાને પોતાનો જીવ ગુમાવ્યો હતો.જયારે એકટીવાની પાછળ બેઠેલા મિત્રને શરીરે ઈજા પહોંચી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદના ઠક્કર બાપા નગર મોચીની ગલી ખાતે રહેતો કરણ નાથાલાલ ગોહિલ અને તેનો મિત્ર ધર્મેશ પ્રદિપસિંહ ઝાલા ઠક્કર બાપાનગરમાં જ દેવજી માસ્તરની ગલીમાં તેની માતા તેમજ ભાઈ સાથે વસવાટ કરે છે. ગત તા.૧૧ ના રોજ બપોરના સમયે બંને મિત્રો અમદાવાદ થી એકટીવા લઈ હિંમતનગર ગયા હતા. ત્યારબાદ સાંજના સમયે કામ પૂર્ણ થઈ જતા હિંમતનગર થી અમદાવાદ એકટીવા નં.જે.જે.૦૧. ઈ.યુ. ૧૧૯૨ લઈને નીકળી ગયા હતા. બંને મિત્રો ગિયોડ અંબાજી મંદિર સામેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે અચાનક રાત્રીના અંધારામાં બમ્પ ન દેખાતા એકટીવા બમ્પ કુદી જતા ચાલકે કાબુ ગુમાવતા એકટીવા સ્લીપ ખાઈ જતા બે મિત્રો નીચે પટકાયા હતા. અકસ્માતને પગલે વાહનચાલકો એકઠા થઈ ગયા હતા અને બંન્ને મિત્રોને માર્ગની બાજુમાં બેસાડી ૧૦૮ ને બોલાવી હતી. જેથી ધર્મેશ અને કરણને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબીબે ધર્મેશને શરીરે ગંભીર ઈજાને પગલે મૃત્યુ થયુ હોવાનું કહ્યું હતું. જયારે કરણને પ્રાથમિક સારવાર કર્યા પછી વોર્ડમાં દાખલ કર્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કલોલ તાલુકા તથા શહેર સમિતિ દ્વારા આજરોજ પેટ્રોલ, ડિઝલના ભાવ-વધારા સામે વિરોધ પ્રદર્શન ધરણાના કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય બળદેવજી ઠાકોર, પંચાયત વિપક્ષના નેતા રશ્મિનજી ઠાકોર, અશોકભાઈ પરમાર, શહેર પ્રમુખ ધુળાજી ઠાકોર, તાલુકા પંચાયતના પ્રમુખ જવાનજી ઠાકોર, ગણપતસિંહ ઠાકોર તેમજ કાર્યકરો, પંચાયતના સદસ્યો અને આગેવાનો જોડાયા હતા.

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને તાત્કાલિક ધોરણે સ્થળાંતરીત મજૂરો માટે સમુદાયના રસોડાં ખોલવાનો આપ્યો આદેશ

સરકાર દ્વારા મજૂરો માટે શ્રમિક અન્નપૂર્ણા યોજનાને ફરી શરૂ કરવાની તાત્કાલિક જરૂરિયાત

ગાંધીનગર, તા. ૧૨

રોગચાળાની બીજી વેવનો અંત આવી રહ્યો છે અને લોકડાઉન ઘટાડવા અને અર્થવ્યવસ્થાઓને ખોલવા માટે દેશભરની સરકારો દ્વારા અથાક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, હવે મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ, ઉદ્યોગો અને બાંધકામ સાઈટ્સને ફરીથી પ્રારંભ કરવાનો સમય છે. જો કે આપણા દેશમાં પરપ્રાંતિય અને સ્થાનાંતરિત મજૂરોની એક મોટી સમસ્યા છે અને આ મજૂરો આ ભયાનક રોગચાળા દરમિયાન ભૂખ, આશ્રય અને બેરોજગારીની ઘણી સમસ્યાઓનો સામનો કર્યો છે તેથી રોગચાળો પછી હવે અર્થવ્યવસ્થા સામે બજારમાં તંદુરસ્ત મજૂરી મેળવવી એક મોટી સમસ્યા બની શકે છે.

આ સ્થળાંતરીત મજૂરી કારોની દુઃખદ સ્થિતિને જોતા સુપ્રીમ કોર્ટે ૨૪મી મે ૨૦૨૧ના રોજ એક આદેશ પસાર કરી દીધા છે જેમાં દરેક રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને તાત્કાલિક ધોરણે સમુદાય રસોડાઓ સ્થાપવા અને આ યોજનાઓનો રાજ્ય મુજબનો પ્રચાર કરવા પણ નિર્દેશ આપ્યો છે જેથી જરૂરિયાતમંદ વ્યક્તિઓ આવી યોજનાઓનો લાભ લેવાનું શરૂ કરી શકે.

જુલાઈ-૨૦૧૭માં વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે રાજયવ્યાપી ''શ્રમિક અન્નપૂર્ણા યોજના''ની ઘોષણા કરી હતી અને અસંગઠિત ક્ષેત્રમાં બાંધકામ કામદારોને ગરમ પૌષ્ટિક સંપૂર્ણ ભોજન બાંધકામ સ્થળોમાં જ દીઠ રૂ.૧૦ માં આપવાનું આયોજન પણ કર્યું હતું. ૨૪૦૦૦ થી વધુ મજૂરોને આ યોજનાનું લાભ પણ મળ્યું હતું પણ સૌથી મુશ્કેલ રોગચાળાના સમયમાં જયારે સ્થળાંતરીઓને ખોરાકની જરૂરિયાત હોય ત્યારે રાજ્ય સરકાર દ્વારા રોગચાળા કોવિડને કારણે છેલ્લા ૧ વર્ષથી તમામ ૧૦૦ અન્નપૂર્ણા ફૂડ સ્ટોલને બંધ કરી દેવામાં આવ્યું હતું અને હવે સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને સૌથી વહેલી તકે તંદુરસ્ત સમુદાય રસોડુંને ફરી શરૂ કરવા માટે નિર્દેશ આપ્યું છે અને તે મહત્વનું છે કે રાજ્ય સરકાર સમુદાય સેવાઓ ફરીથી શરૂ કરવા માટે સક્રિય તાત્કાલિક પગલાં લેવામાં આવે.

આ મહત્વના સમયે જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં રાષ્ટ્રને સંબોધન કર્યું હતું અને દિવાળી સુધી ૮૦૦ મિલિયન લોકોને નિઃશુલ્ક રાશન આપવાની જાહેરાત કરી છે તે સમયે મહત્વપૂર્ણ છે કે ગુજરાત સરકારે પણ શ્રમિક અન્નપૂર્ણા યોજનાને ફરીથી શરૂ કરવા માટે તાત્કાલિક પગલાં લે અને ફક્ત ૮૭ કડીયા નાકામાં જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યભરના કડીયા નાકા પર જરૂરિયાતમંદ સ્થળાંતર કામદારો અને વ્યક્તિને પૌષ્ટિક સંપૂર્ણ ભોજન આપવાનું શરૂ કરવા જોઈએ એમ મજુર વર્ગ અને ઉદ્યોગ નિરીક્ષકોનો અપીલ છે.

ઉવારસદ ગ્રામ ઉદ્યોગ સેવા સંસ્થાનના ૩ એર કન્ડિશનરની ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ સ્થિત ગ્રામ ઉદ્યોગ સેવા સંસ્થાનના ગોડાઉનના તાળા તોડીને તસ્કરો રૂ.૬૦ હજારના ત્રણ એસી ચોરી કરી લઈ ગયાની ફરીયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસે આ કેસમાં તપાસ કરતા ગોડાઉનનો માલિક જ ચોર હોવાનું સામે આવ્યું છે. જયારે અડાલજ પોલીસે ગણતરીના દિવસોમાં ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દેવ નંદન પરિસર વિભાગ-૦૧ ખાતે રહેતા દુર્ગાપ્રસાદ ગુમા ઉવારસદ ગ્રામ ઉદ્યોગ સેવા સંસ્થાન નામની વોશીંગ મશીન પાઉડર બનાવી રહ્યા છે. તેઓએ બંગલો ખાલી કરતા ત્રણ એસી લાવીને ગોડાઉન ખાતે મુક્યા હતા. ગત તા.૫ જુનના રોજ બપોરના ત્રણ વાગ્યાના અરસામાં ગોડાઉન બંધ કરીને દુર્ગા પ્રસાદ ઘરે ગયા હતા. બીજા દિવસે રવિવાર હોવાથી તા.૭ ના રોજ તેઓ સંસ્થાન પર આવ્યા હતા. જયાં ગોડાઉનના દરવાજાનું લોખંડનુ તાળુ તુટેલી હાલતમા હતું. ત્યારબાદ ગોડાઉનમાં અંદર જઈને તપાસ કરતા સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. જયારે ગોડાઉનમાં રહેલા ત્રણ એસીની ચોરી કરી તસ્કરો પલાયન થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. જેને પગલે અડાલજ પોલીસે તપાસ તેજ કરી હતી. અડાલજ પીઆઈ જે.એચ.સિંઘવે પોલીસ મથક વિસ્તારમાં ગોડાઉન ચોરીને પગલે પેટ્રોલીંગ વધારીને આસપાસના વિસ્તારમાં તપાસ શરુ કરી હતી.

તે દરમિયાન પોલીસ જવાન અનિલસિંહ અને દેવેન્દ્રસિંહને બાતમી મળી હતી. જેને પગલે ઉવારસદ મોટી ખડકીમાં રહેતા અમિત હસમુખભાઈ પટેલના ઘરની તલાસી લેતા ત્રણ એસી મળી આવ્યા હતા. પોલીસે પુછતાછ કરતા ઉપરોકત ગોડાઉન તેનું જ હોવાનું સામે આવ્યું હતું. આ ગોડાઉનના ભાડા પેટે દુર્ગાપ્રસાદ પાસેથી અમિત રૂ.૫ હજાર ભાડુ લેતો હતો. જયારે ફરીયાદી એસી ભાડે આપતો હોવાથી તેણે ગોડાઉનમાં મુક્યા હતા ત્યારબાદ બંધ ગોડાઉનમાંથી તાળુ તોડીને અમિત પટેલે ચોરી કરી હતી.

માણસામાં કોંગ્રેસે પેટ્રોલ, ડિઝલ અને મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું

માણસા,તા.૧૨

શનિવારે સવારે માણસા શહેરમાં કોંગ્રેસ કાર્યાલય ખાતેથી પેટ્રોલ,ડિઝલ અને મોંઘવારી મુદ્દે ધરણાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ કોંગ્રેસના કાર્યકરો આ વિરોધ પ્રદર્શન કરે તે પહેલાં પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસના કાર્યકરોએ ગરીબ-કિસાન વિરોધી સરકાર નહિ ચલેગીના નારા લગાવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય બાબુસિંહજી ઠાકોર, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગિરવતસિંહ ચાવડા, યુથ કોંગ્રેસ પ્રમુખ પિયૂષભાઈ પંચાલ, પીસી ઠાકોર સહિત કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો જોડાયા હતા. ઉલ્લેખનીય બાબત છે કે હાલમાં પેટ્રોલ-ડિઝલના ભાવ ૧૦૦ની નજીક પહોંચ્યા છે.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)
વર્ષ-૨૦૨૧-૨૨
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૬૬/૨૦૨૦-૨૧	Comprehensive Operation & Maintenance of Tube wells (Bores) with all Electrical & Mechanical Equipments & Instruments with civil works in New Addes Villages Under GMC for One Year	રૂ. ૩૬૦૦/-	રૂ. ૧,૧૨,૬૬૩/-

ટેન્ડર ફોર્મ તા. ૧૪/૬/૨૦૨૧થી તા. ૨૧/૬/૨૦૨૧ સુધી સમય ૧૩:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.
ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૨/૬/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.
ઓનલાઈન ઓપનીંગ તા. ૩૦/૬/૨૦૨૧ કરવામાં આવશે.
માહિતી/૩૮૬/૨૧-૨૨
સહી/-
મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
નિવિદા નંબર : ૦૪, સને ૨૦૨૧-૨૨
ટેન્ડર આઈડી નં. ૪૬૬૨૮૬
ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬
ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી "Annual Maintenance Contract of GWSSB Laboratories' Instruments & Equipments." અંદાજીત કિંમત રૂ. ૮૫.૨૩ લાખ, માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૨૪/૬/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.
માહિતી/૩૯૨/૨૧-૨૨

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ સ્થાપિત ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
ગૂજરાત વિદ્યાપીઠ : (NAAC-'A')
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૪૦૦૧૬૩૪૧/૩૪૨
દ્વિવર્ષીય બી.એડ્./બી.એડ્. હિન્દી/એમ.એડ્.માં પ્રવેશ જાહેરાત
વર્ષ ૨૦૨૧-૨૨માં દ્વિવર્ષીય બી.એડ્./બી.એડ્. હિન્દી/એમ.એડ્.માં પ્રવેશ માટેનાં અરજીપત્રક તા. ૧૫-૦૬-૨૦૨૧થી ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પર વિગતો ભરીને વેબસાઈટ પર આપેલી લિન્ક દ્વારા પ્રવેશ પ્રક્રિયા ફી રૂ. ૨૦૦/- ઓનલાઈન ભરીને તેની પાવતી સાથે તા. ૨૫-૦૭-૨૦૨૧ સુધીમાં સ્પીડ પોસ્ટ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે. ઉપરોક્ત ત્રણેય અભ્યાસક્રમોમાં ૫૦-૫૦ બેઠકો ઉપલબ્ધ છે. કેન્દ્ર સરકારના અનામત અંગેના નિયમ મુજબ અનુસૂચિત જાતિ માટે ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ માટે ૭.૫ ટકા, સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ (નોન- ક્રિમિલિયર) માટે ૨૭ ટકા, આર્થિક પછાત વર્ગ (EWS) માટે ૧૦ ટકા અને દિવ્યાંગ (PH) ઉમેદવારો માટે ૫ ટકા પ્રમાણે તથા જમ્મુ-કાશ્મીર રાજ્યના ઉમેદવારો માટે વધારાની ૨ બેઠકો અનામત રહેશે. વધુ માહિતી માટે www.gujaratvidyapith.org અથવા શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૧૪ના કાર્યાલય ફોન નંબર ૦૭૯-૪૦૦૧૬૩૪૧-૩૪૨નો ૧૧-૦૦થી ૬-૦૦ દરમિયાન સંપર્ક કરવો. ઉપરોક્ત દરેક અભ્યાસક્રમમાં છેલ્લા વર્ષ/સત્રની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ અરજી કરી શકે છે.
તા. ૧૨/૦૬/૨૦૨૧ પ્રો. ભરત જોશી, કા. કુલસચિવ

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ માન્ય ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
ગૂજરાત વિદ્યાપીઠ (NAAC-'A')
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૪૦૦૧૬૩૦૦/૨૮૫
પ્રવેશ જાહેરાત ૨૦૨૧-૨૦૨૨
નીચેની વિદ્યાશાખા અંતર્ગત વિવિધ વિષયોમાં અનુસ્નાતક (માસ્ટર ડિગ્રી) માટે પ્રવેશ ઉપલબ્ધ છે.
(૧) વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી : MCA, PGDCA, PGDCHN, MBA (Rural Management રાંધેજા સંકુલ) **(૨) ભાષાઓ અને સાહિત્ય :** MA ગુજરાતી, હિન્દી, અંગ્રેજી (English સાદરા), પ્રયોજનમૂલક હિન્દી અનુસ્નાતક ડિપ્લોમા, હિન્દી અનુવાદ અનુસ્નાતક ડિપ્લોમા, **(૩) સામાજિક વિજ્ઞાન :** MA અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, જૈનદર્શન **(૪) ગાંધીદર્શન અભ્યાસક્રમ :** ગાંધી અધ્યયન **(૫) વ્યાવસાયિક અભ્યાસક્રમ :** MA માનવ સંસાધન વિકાસ (HRD), પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન (MJMC), સમાજકાર્ય (MSW), મનોચિકિત